ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.

CIN : U40102GJ2003SGC042908

e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૩૬/૧૯-૨૦/ 3233 તારીખ : 16 AUG 2019

આર.પી.એ.ડી.

કેસ નં.૩૬/૧૯-૨૦

પ્રતિ,
**શ્રી બદામી તનવીરરઝા અકબરઅલી,**
આંબાવાડી, નુર એપાર્ટમેન્ટ,
બ્લોક નં.૧૦૩, મુ.મહુવા,
તા.મહુવા, જી.ભાવનગર.
**મો.નં. ૯૯૯૮૭ ૪૩૧૨૩.**

**વિષય : ખેતીવાડી વીજ કનેકશનની લાઈનનું મેન્ટેનન્સ તથા ઘરવપરાશના કનેકશનમાં ૨૪ કલાક પાવર આપવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૧૧/૦૬/૧૯.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૬/૧૯-૨૦/૨૩૬૦ તા.૨૪/૦૬/૨૦૧૯.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૬/૧૯-૨૦/૨૬૦૯ તા.૦૮/૦૭/૨૦૧૯.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૬/૧૯-૨૦/૨૮૮૬ તા.૨૫/૦૭/૨૦૧૯.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૦૬/૦૮/૨૦૧૯** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**(એમ. પી. સોલંકી)**
**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી, ભાવનગર.**

**બિડાણઃ- ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**

*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ-**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **મહુવા શહેર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **<u>કેઈસ નંબર – ૩૬/૧૯–૨૦</u>** ☜

વાદી :– શ્રી બદામી તનવીરરઝા અકબરઅલી

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **<u>રજુઆતની તારીખ</u>:– ૦૬.૦૮.૨૦૧૯** ◈

**હાજર રહયા** :– શ્રી બદામી તનવીરરઝા અકબરઅલી – (વાદી પોતે)

પ્રતિવાદી :– શ્રી એસ. બી. વસાણી, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

**શ્રી બદામી તનવીરરઝા અકબરઅલી**, મુ.મહુવા, જી.ભાવનગરની ખેતીવાડી વીજ કનેકશનની લાઈનનું મેન્ટેનન્સ તથા ઘરવપરાશના કનેકશનમાં ૨૪ કલાક પાવર આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૩૬/૧૯–૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૩૬/૧૯–૨૦/૨૩૬૦ તા.૨૪.૦૬.૨૦૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૧૯.૦૭.૧૯ ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ જેમાં વાદી હાજર રહેલ નથી. ત્યારબાદ તા.૦૬.૦૮.૧૯ ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી શ્રી બદામી તનવીરરઝા અકબરઅલી પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એસ.બી. વસાણી, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ ભાવનગર જીલ્લાના તાલુકો મહુવા શહેરમાં મારા દાદાના નામનું ખેતીવાડી વીજ કનેકશન બદામી હુસેનઅલી કાળાભાઈના નામનું ચાલે છે. ઘરવપરાશનું વીજ કનેકશન મારા દાદા બદામી હુસેનઅલી કાળાભાઈનાં નામનું ચાલે છે.

૧.૨ અમારી ખેતીવાડીમાં મહુવામાં જુની તલગાજરડા નળમાં આવેલ છે. અમારૂ ખેતીવાડીનું વીજ કનેકશન ૩૫ કે ૪૦ વર્ષ પહેલાનું છે. એલ.ટી. લાઈનના તાર સાવ જર્જરીત પિંગળી જઈ ખરાબ થઈ ગયેલ છે. એ–વન વાર્ષિક બીલ ૧૨–મહીનાવાળું છે. એલ.ટી.લાઈનનાં તારની આયુષ્ય પુરી થયા છે ફક્ત એક તાતણા ઉપર ટકી રહેલ છે, તેથી

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

મે તાર બદલવા માટે આશરે ૮ મહીના પહેલા લેખિત અરજી આપેલ હતી તેની કોપી રાખેલ નહી કારણકે અધિકારીએ જણાવેલ કે કર્મચારીને મોકલી તાર બદલાઈ જશે, તમારે કોપી રાખવાની જરૂરીયાત નથી. ભરોસા ઉપર મે કોપી રાખેલ નહી. બે–ત્રણ મહીના થયા છતાં કોઈ તાર બદલવા આવેલ નહી.

૧.૩ ફરી હું મહુવા ટાઉન કચેરીમાં ગયેલ. હાજર અધિકારી જુ.એ.ખસીયા હતા તેને મે જણાવેલ કે ખેતીવાડીમાં એલ.ટી. લાઈનના તાર બદલવા અરજી આપેલ છે હજુ સુધી કોઈ તાર બદલવા આવેલ નથી. તો તેણે જણાવેલ કે રોજેરોજ કચેરીમાં આવવું નહી અમારે આખા મહુવાનું હેડલીગ કરવાનું હો છે અમને જયારે ટાઈમ મળશે ત્યારે માણસો આવશે.

૧.૪ ફરી થોડા ટાઈમ બાદ ફરી ગયેલ ફરી તે જવાબ આપેલ, મે જણાવેલ કે ઘરવપરાશન સિંગલ ફેઈઝ લાઈટીગ વીજ કનેકશનમાં ફકત આઠ કલાક પાવર આવે છે તો ટી.સી.નો અર્થિંગ અને એસ.એસ.નો અર્થિંગ તપાસ કરાવી સિંગલ ફેઈઝ–૨૪ કલાક પાવર મળે તે પણ સાથે કામ કરવા મોકલજો. છતાં કોઈ કામ કરવા આવેલ નહી. થોડા ટાઈમ ફરી ગયેલ હું કચેરીમાં ગયેલ તો જુ.એ.ખસીયાએ જણાવેલ કે તમારી અરજી મળતી નથી, તમે દરવાજા બહાર લાલાભાઈ પાસે જાવ તેની પાસે અરજી લખાવીને બીજી અરજી આપો. મે લાલાભાઈ પાસે અરજી લખાવી તો તેણે મે જે પ્રમાણે કીધુ તેમ અરજી લખી નહી કારણકે ખસીયાના મળતીયા દલાલ અરજી લખે નહી. તેની અરજી મે આપેલ નહી. અન્ય જગ્યાએ મે અરજી ફરી લખાવેલ.

૧.૫ તા.૨૭.૦૩.૧૯ ના રોજ હાલ બે મહીના કરતા વધારે સમય થયેલ છે, અવારનવાર ધકકા ખાવા છતાં કામ થયેલ નથી.

૧.૬ નાછુટકે ફોરમને ફરીયાદ કરવાની ફરજ પડેલ છે. આવા બેદરકાર ઉપર કંપનીના નિયમ મુજબ પગલા લેવા ચોમાસુ નજીક આવી રહયુ છે કોઈ નાની મોટી નુકશાની થાય તે પહેલા અમારી ખેતીવાડીમાં વીજ કનેકશનની એલ.ટી. લાઈનના ચાર ગાળાના તાર બદલવા, ઘરવપરાશ લાઈટીગ વીજ કનેકશનમાં એક ફેઝ–૨૪ કલાક આપવા ટી.સી.માં અર્થિંગ એસ.એસ.નો અર્થિંગ તપાસ કરાવવા ફરીયાદનો નિકાલ કરાવવા બેદરકાર ઉપર પગલા લેવા હુકમ કરવા વિનંતી છે. કચેરીના ગ્રાઉન્ડમાંથી જાણવા મળેલ છે કે આવી તો અનેક ફરીયાદ છે પેધી ગયેલાને બહાર મુકવાની જરૂરીયાત છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ અરજદારશ્રી બદામી તન્વીરરઝા અકબરઅલીની ખેતીવાડી વીજ કનેકશનની લાઈનનું મેન્ટેનન્સ કરવા તથા ઘરવપરાશ ના કનેકશનમાં ૨૪ કલાક પાવર આપવા બાબતની અરજી મળેલ. જે અનુસંધાને મહુવા શહેર પેટા વિભાગીય કચેરી દવારા અરજદારશ્રીની ખેતીવાડી વીજ કનેકશનની લાઈનની ચકાસણી કરેલ હતી અને ત્યારબાદ

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

તા.૦૬.૦૭.૧૯ ના રોજ અરજદારશ્રીના ખેતીવાડી વીજ કનેકશન માં આવતી એલ.ટી. લાઈનના ૬ ગાળાના વીજ વાયર બદલાવવામાં આવેલ તથા એક નવો પોલ ઉભો કરવામાં આવ્યો છે તથા સદર એલ.ટી. લાઈનના પોલમાં અર્થિંગ કરેલ છે. આમ આપશ્રીની ખેતીવાડી વીજલાઈનનું મેન્ટેનન્સ કરી આપેલ છે.

૨.૨ અરજદારશ્રીના દાદાશ્રીના નામના થ્રી ફેઝ વીજ કનેકશનનો ગ્રાહક નં.૩૭૧૦૧/૫૧૭૪૨/૦, હસનઅલી કાળાભાઈ તથા સિંગલ ફેઝ ગ્રાહક નં.૩૭૧૦૨/૦૨૯૮૦/૨ હસનઅલી કાળાભાઈ ૧૧ કેવી સદભાવના ખેતીવાડી ફીડર હેઠળ આવતાં હોય, પીજીવીસીએલના નિયમાનુસાર ખેતીવાડી ફીડર હેઠળ ૮ કલાક થ્રી ફેઝ તથા બાકીના કલાકોમાં સિંગલ ફેઝ વીજ પુરવઠો આપવાનો હોય છે, જે નિયમ મુજબ આપવામાં આવે છે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર બદામી તન્વીરરઝા અકબરઅલી મહુવા ગામમાં તેઓના દાદાનાં નામનું ખેતીવાડી વીજજોડાણ તેમજ સીંગલ ફેઈઝ વીજજોડાણ ધરાવે છે.

૩.૨ વાદીની ફોરમને રજુઆત મુજબ તેઓનાં વીજજોડાણ ૩૫–૪૦ વર્ષ જુના હોય, એલ.ટી. લાઈનનાં તાર જર્જરીત અને ખરાબ થઈ ગયેલ છે તેમજ વારંવાર વીજ વીક્ષેપ થતો હોય અને સીગલ ફેઈઝ જોડાણમાં ૮ જ કલાક વીજ પુરવઠો મળે છે.

૩.૩ પ્રતિવાદી દવારા વાદીનાં વીજજોડાણની લાઈન ચેક કરી તા.૦૬.૦૭.૧૯ ના રોજ એક નવો થાંભલો ઉભો કરી અને ૬ ગાળાનાં બદલવા જેવા વીજવાયર બદલાવી આપેલ છે તેમજ લાઈનનું મેન્ટેનન્સ કરી આપેલ છે.

૩.૪ વાદીનું વીજજોઢડાણ ખેતીવાડીનું હોય તેઓને રૂરલ ફીડરમાંથી વીજ પુરવઠો આપવાનો થતો હોય ૮ કલાક નિયમીત રીતે વીજ પુરવઠો વીજ વીક્ષેપ વગર મળી રહે તે માટે ફીડરનું મેન્ટેનન્સ કરવા માટેનો પ્રતિવાદીને હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુકમ ::–</u>**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૪ મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| **(બી. જે. દવે)** | **(પી. એન. આજકીયા)** | **(એમ. આર.વજરીયા)** |
| **સ્વતંત્ર સભ્યશ્રી** | **ટેકનીકલ સભ્યશ્રી** | **અધ્યક્ષશ્રી,** |
| | | **ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ** |
| | | **પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.** |

તારીખ :– ૦૬.૦૮.૨૦૧૯

P.G.V.C.L Bhavnagar.